U. N. MEHTA INSTITUTE OF CARDIOLOGY & RESEARCH CENTRE AHMEDABAD

# દદીઓના અધિકારો – હક્કો

## દદીઓ માટે સારવારની સરળ સુપ્રાપ્યતા અને ઉપલ્બધતા

- દર્દીને ઉંમર,લીંગ,રાષ્ટ્રચિતા,સામાજિક દરજ્જો,ખાસ જરૂરિયાતો, અથવા ચુકવણી માધ્યમ કે સ્ત્રોત ધ્યાનમાં લીધા વિના યોગ્ય અને વ્યવસાયિક આરોગ્ય સારસંભાળ મેળવવાનો અધિકાર છે.
- દર્દીને આરોગ્ય વિષયક કટોકટીની પરિસ્થિતિ માં તાત્કાલિક સારવાર મેળવવાનો અધિકાર છે.
- દર્દીને પોતાના હેલ્થ રેકોર્ડ્સ મેળવવાનો અધિકાર છે.
- દર્દીને પોતાની સારવાર સુરક્ષિત વાતાવરણમાં મેળવવાનો અને તે દરમિયાન પરિવાર તરફથી ભાવાત્મક ટેકો મેળવવાનો અધિકાર છે, જેમાં પરિવારથી ઓછા માં ઓછું અલગ રહેવું (સારવારની જરૂરિયાત મુજબ હોસ્પિટલની પરવાનગી મળ્યા બાદ) નો સમાવેશ થાય છે.
- દર્દીને સંભાળ,સારવાર અને સેવાઓના તમામ પાસાઓમાં સક્રિયપણે સામેલ થવાનો અધિકાર છે.
- દર્દીઓ એ પોતાની સારવાર વિશે માહિતી મેળવાનો અને પ્રશ્નો પૂછવાનો અધિકાર છે.
- દર્દીને પોતાના પ્રાયોજિત સારવાર અને સારવાર અપેક્ષિત પરિણામો વિશે માહિતી મેળવાનો અધિકાર છે.
- દર્દીને પોતાની સારવાર દરમિયાન તેમની સાથે કોઈ અણધાર્યો બનાવ બને કે પરિણામ (દા.ત. હોસ્પિટલમાં લાગેલ ચેપ,દવા વિષયક ભૂલો,બેડસોર ,ઓપેરશન પછી નો ચેપ) આવે તો તે જાણવાનો અધિકાર છે.

## દર્દીઓ માટે સારવારની માહિતીનું વિનિમય (માહિતીની આપ - લે)

- દર્દીઓને પોતાના શરૂઆતના મુલ્યાકંન તારણો ,તબીબી સ્થિતિ,સારવાર અને સંભવિત પરિણામો વિશે તેઓ સમજે તેવી ભાષામાં માહિતી મળે ,જેથી નિર્ણય લેવામાં મદદ મળે.
- દર્દીઓ ને સારવાર દરમિયાન કે તે પછી જોખમો ,આડઅસરો ,અને વિકલ્પો સહીત, સારવારના આયોજન વિશે માહિતી મેળવાનો અધિકાર છે.
- દર્દીઓને પોતાની સંભાળ રાખવા કે સારવાર કરવા માટે જવાબદાર ડોક્ટરો,નર્સો અને અન્ય સ્ટાફના નામ જાણવાનો અધિકાર છે.
- દર્દીઓને પોતાની દવાના નામ,હેતુ,અને તેને લેવા માટેની રીત -સમય-સંખ્યા વિશે માહિતી મેળવાનો અધિકાર છે.
- દર્દીઓને કટોકટી ની પરિસ્થિતિમાં ટ્રાયએજ પ્રોટોકોલ વિશે માહિતી મેળવાનો અધિકાર છે.
- દર્દીઓને પોતાના થયેલા નિદાનના તારણો અને પુષ્ટિ થયેલ નિદાન વિશે માહિતી મેળવાનો અધિકાર છે.
- દર્દીઓને પોતાની સારવાર માટે કોઈપણ બીજા ડૉક્ટર કે હોસ્પિટલના અભિપ્રાય મેળવાનો અને બીજા અભિપ્રાય મેળવાની પ્રક્રિયા વિશે માહિતી મેળવાનો અધિકાર છે .

## દર્દીઓની સારવાર દરમિયાન નિર્ણય લેવામાં સહભાગિતા

- દર્દીઓને પોતાની સારવાર સબંધિત નિર્ણયોમાં સક્રિયપણે સામેલ થવાનો અધિકાર છે.
- દર્દીને પોતાના માટે કુટુંબ કે આધારરૂપ વ્યક્તિ કોણ છે અને સારવાર દરમિયાન કઈ વ્યક્તિ સામેલ થઇ શકે તે નક્કી કરવાનો અધિકાર છે.
- દર્દીઓને પોતાની સારવાર સબંધિત કઈ માહિતી પરિવાર અને અન્ય લોકોને આપી શકાય તે નક્કી કરવાનો અધિકાર છે.
- દર્દીઓને તેમની સારવાર દરમિયાન તેમના વતી નિર્ણય લેવા માટે અન્ય વ્યક્તિ(દા.ત.પરિવારના સભ્ય,સંભાળ રાખનાર,સરોગેટ)નિયુક્ત કરવાનો અધિકાર છે.

## વ્યક્તિગત સન્માન, ગૌરવ અને માન્યતા (વિચારસરણી)

- દર્દીઓની પોતાની ધાર્મિક,આધ્યાત્મિક, અથવા સાંસ્કૃતિક જરૂરિયાતોને માન આપતી સંભાળ મેળવાનો અધિકાર છે.
- દર્દીઓ દ્વારા કાયદા અને નિયમોને આધીન પોતાની સારવાર કરાવવા માટે ઇન્કાર કરવાનો અધિકાર છે.
- દર્દીઓને પોતાના તબીબી રેકોર્ડમાં પોતાની સારવાર અને તેના અંગે નિર્ણય લેવામાં પરિવારની કોઈ એક વ્યક્તિની પસંદગી કરવાનો અધિકાર છે.

## દર્દીની વ્યક્તિગત અને માહિતીની ગોપનીયતા અને ગુપ્તતા

- દર્દીઓને પોતાના તબીબી પરીક્ષણ કે તપાસ,તબીબી પ્રક્રિયાઓ અને સારવાર દરમિયાન ગોપનીયતા જળવાઈ રહે તે માટે નો અધિકાર છે.
- દર્દીઓને કાયદા અને નિયાનો અનુસાર,પોતાની વ્યક્તિગત અને તબીબી માહિતી ગુપ્ત રાખવાનો અધિકાર છે.
- દર્દીઓને કાયદા દ્વારા જરૂરી હોય અથવા સારવાર ચાલુ રાખવા માટે જરૂરી હોય તે સિવાયની કોઈપણ સ્વાસ્થ્ય સબંધિત માહિતી જાહેર કરતા પેહલા જાણકાર રહેવાનો અને તે માટે સંમતિ આપવાનો અધિકાર છે.
- દર્દીઓ ને તેમના તબીબી રેકોર્ડ જોવાનો તેમજ મેળવવાનો અધિકાર છે.
- દર્દીઓને તેમની સારવાર ની ગુપ્તતા અંગેની હોસ્પિટલની નીતિઓ અને તબીબી માહિતી કેવી રીતે મેળવી શકાય તે વિશે માહિતગાર રહેવાનો અધિકાર છે.

## દર્દીઓની તબીબી સારવારનો ખર્ચ

- દર્દીઓને દાખલ થતા સમયે નાણાકીય સલાહ અને હોસ્પિટલના ખર્ચનો અંદાજ મેળવવાનો અધિકાર છે.
- દર્દીઓને પોતાની સારવારના રોજિંદા બીલો જોવા અને ડિસ્ચાર્જ સમયે વિગતવાર બિલ મેળવવાનો અધિકાર છે.

## દર્દીની ફરિયાદો અને પ્રતિભાવ/ અભિપ્રાય

- દર્દીઓને પોતાની ફરિયાદ નોધાવવા માટેની પ્રક્રિયા વિશે માહિતી મેળવવાનો અધિકાર છે.
- દર્દીઓને સારવાર દરમિયાન થયેલ અનુભવના પ્રતિભાવ અને સૂચનો આપવાનો અધિકાર છે.
- દર્દીઓને સારવાર દરમિયાન તેમની ફરિયાદોની જાણ કરવાનો, તેમના અધિકાર વિશે માહિતગાર થવાનો અને તેમની સારવાર સબંધિત કોઈ ભૂલો જણાય તો તે વિશે માહિતી મેળવવાનો અધિકાર છે.
- દર્દીઓને તેમની ફરિયાદ નિરાકરણ માટે હોસ્પિટલની પ્રક્રિયા,જેમાં ફરિયાદના નિરાકરણ માટે સમયમર્યાદાનો સમાવેશ થાય છે, તે વિશે માહિતી મેળવવાનો અધિકાર છે.
- દર્દીઓને પોતાની સારવાર દરમિયાન થયેલી કોઈપણ પ્રકારની તબીબી ભૂલોની તાત્કાલિક માહિતી મેળવવાનો અધિકાર છે.
- દર્દીઓને પોતાની સારવાર દરમિયાન થયેલી કોઈપણ પ્રકારની ભૂલોને હોસ્પિટલ આવી રીતે ફરીથી બનતા કેવી રીતે અટકાવે છે તે અંગે માહિતી મેળવવાનો અધિકાર છે.

## દર્દીઓની સલામતી અને સુરક્ષા

- દર્દીઓને દાખલ થયા પછી દુર્વ્યવહાર, ઉપેક્ષા,પજવણી ,મારપીટ અને તેના જેવા બિનજરૂરી પ્રતિબંધોથી સુરક્ષા મેળવવાનો અધિકાર છે.
- હોસ્પિટલ જે સમયે વ્યક્તિગત વસ્તુઓ માટે જવાબદારી લે છે, ત્યારે વ્યક્તિગત વસ્તુઓની સુરક્ષા મેળવવાનો અધિકાર છે.

## દર્દીઓની સારવાર દરમિયાન જરૂરી સંમતિ / અનુમતિ

- દર્દીઓને કાયદાકીય યોગ્ય રીતે સુચિત સમંતિ આપવાનો, તબીબી સારવાર અથવા ભલામણ કરેલ સારવારનો ઇન્કાર કરવાનો અધિકાર છે.
- દર્દીઓને હોસ્પિટલની અંદર કે બહાર તબીબી સારવાર અંગે બીજો અભિપ્રાય મેળવવાનો અધિકાર છે.
- દર્દીઓને કોઈપણ તબીબી પરીક્ષણ, તપાસ કે સંશોધન પ્રવૃત્તિ વિશે સુચિત સંમતિ આપવાના અથવા તેમાં ભાગ લેવા માટે ઇન્કાર કરવાનો અધિકાર છે.
- દર્દીઓને તબીબી સારવારના ઉપલબ્ધ વિકલ્પો વિશે માહિતગાર રહેવાનો અધિકાર છે.
- દર્દીઓને કાયદાકીય યોગ્ય રીતે લોહી અને લોહીના ઘટકોનું ટ્રાન્સફ્યુઝન, એનેસ્થેસિયા, શસ્ત્રક્રિયા, કોઈપણ અન્ય ઇન્વેસિવ/ઉચ્ચ-જોખમ પ્રક્રિયા/સારવાર શરૂ કરતા પહેલા જાણકાર સંમતિ નો અધિકાર છે.

# દર્દીઓની ફરજો

## દર્દીઓ માટે સારવાર ની સરળ સુપ્રાપ્યતા અને ઉપલ્બધતા

- દર્દીઓ એ સારવાર આપનાર / કરનાર દ્વારા સૂચવવામાં આવેલી સારવાર યોજના/ સૂચનોનું પાલન કરવું.
- દર્દીઓ એ હેલ્થ ઈમરજન્સી (આરોગ્ય વિષયક કટોકટીની પરિસ્થિતિ) માં સંપર્ક કરી શકાય તેવા ઓછામાં ઓછા એક સંબંધીની સંપર્ક વિગતો પૂરી પાડવી.

## દર્દીઓ માટે સારવારની માહિતીનું વિનિમય (માહિતીની આપ - લે)

- દર્દીઓ એ પોતાની વર્તમાન અને ભૂતકાળની તબીબી પરિસ્થિતિઓ, હોસ્પિટલમાં દાખલ થવા, દવાઓ અને જાણીતી એલર્જી વિશે સચોટ અને સંપૂર્ણ માહિતી ડોકટરને આપવી.
- દર્દીઓ એ પોતાની સાચી વસ્તી વિષયક (સ્થળ, શહેર, ભૌગોલિક) અને સામાન્ય માહિતી પૂરી પાડવી
- દર્દીઓ એ પોતાની સારવાર દરમિયાન પોતાની સ્વાસ્થ્ય સ્થિતિમાં થયેલા કોઈપણ ફેરફારો વિશે સારવાર કરનાર હોસ્પિટલ કર્મચારીઓ (નર્સ/ ડોકટર) ને માહિતગાર કરવા.

## દર્દીઓની સારવાર દરમિયાન નિર્ણય લેવામાં સહભાગિતા

- દર્દીઓ એ સમજવું જરૂરી છે કે તબીબી સલાહ વિરુદ્ધ સારવાર બંધ કરવી એ વ્યક્તિના પોતાના જોખમે છે.
- દર્દીઓ એ પોતાના પરિવારના કયા સભ્યો અથવા અન્ય કયા વ્યક્તિ તેમની સારવાર વિશે માહિતી અથવા અપડેટ્સ મેળવી શકે છે તે જણાવવું.

## વ્યક્તિગત સન્માન, ગૌરવ અને માન્યતા (વિચારસરણી)

- દર્દીઓ એ પોતાની સારવાર દરમિયાન હોસ્પીટલના અન્ય દર્દીઓ, સ્ટાફ અને ડોકટરો સાથે આદર અને સૌજન્યથી વર્તવું.

## દર્દીની વ્યક્તિગત અને માહિતીની ગોપનીયતા અને ગુપ્તતા

- તબીબી રેકોર્ડ ગુપ્ત હોવા છતાં, વૈધાનિક સંસ્થાઓ, વીમા કંપનીઓ અથવા ચુકવણીકારોને કાયદેસર રીતે મેળવવાની જરૂર પડી શકે છે તે સ્વીકારવું.

## દર્દીઓની તબીબી સારવારનો ખર્ચ

- દર્દીઓ એ દાખલ થતાં સમયે પોતાના તબીબી વીમા અથવા અન્ય કોઈ તબીબી યોજના ધરાવતા હોય તો તે અંગેના સંબંધિત દસ્તાવેજો પૂરા પાડવા.
- દર્દીઓ એ હોસ્પિટલ નીતિનિયમ મુજબ નાણા જમા કરાવવા અને બિલોની ચુકવણી તાત્કાલિક કરવી .

## દર્દીની ફરિયાદો અને પ્રતિભાવ/ અભિપ્રાય

- દર્દીઓ એ પોતાની ફરિયાદ માટે હોસ્પિટલની ફરિયાદ અને પ્રતિભાવ પ્રણાલીનો યોગ્ય રીતે ઉપયોગ કરીને સમસ્યાઓ અથવા ચિંતાઓને દુર કરવી.

## દર્દીઓની સલામતી અને સુરક્ષા

- દર્દીઓ એ દાખલ થતાં સમયે અને ત્યારબાદ સારવાર દરીયાન પોતાના વ્યક્તિગત કિંમતી વસ્તુઓ અને સામાનનું રક્ષણ કરવું.
- દર્દીઓ એ હોસ્પિટલ નીતિનિયમ મુજબ હોસ્પિટલની મિલકતનો આદર કરવો (ધૂમ્રપાન ન કરવું, થૂંકવું નહીં, તોડફોડ ન કરવી, વગેરે).
- મુલાકાતીઓના સમય અને પ્રતિબંધિત વિસ્તારોમાં પ્રવેશ ન કરવા જેવા હોસ્પિટલના નિયમોનું પાલન કરવું.

## દર્દીઓની સારવાર દરમિયાન જરૂરી સંમતિ / અનુમતિ

- દર્દીઓ એ જો કોઇ સારવાર આપનાર વ્યક્તિ (ડોક્ટર , નર્સ કે અન્ય કર્મચારી) દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ સ્પષ્ટ રીતે સમજી ન શકે તો જાણ કરવી.
- દર્દીઓ એ જરૂર પડે ત્યારે વધારાની માહિતી અથવા સ્પષ્ટતા સારવાર આપનાર વ્યક્તિ (ડોક્ટર , નર્સ કે અન્ય કર્મચારી) પાસે થી માંગવી.